શ્રાવિકા ધર્મ.

A PRIMER FOR JAINA LADIES.

વીસમી સદીની કુમારિકાઓ, વધુઓ
તેમજ માતાઓ માટે,

લખનાર

વાડીલાલ મોતીલાલ શાહ

મુંબઈ.

પ્રસિદ્ધકર્ત્તા

શકરાભાઈ મોતીલાલ શાહ

પ્રકાશક 'જૈનહિતેચ્છુ'

૨૫૭, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

આવૃત્તિ બીજી ઈ. સ. ૧૯૧૬ પ્રત ૪૦૦૦

મૂલ્ય ૦-૧-૯; ૧૦૦ પ્રતના રૂ. ૪)

બે બોલ.

જૈન તત્વજ્ઞાન જેટલું મહત્વવાળું તેટલું જ દુઃપ્રાપ્ય પણ છે. એનો ખરો 'આત્મા' સમજ્યા વગર જે જે ધર્મગુરૂઓ અને શ્રાવકોએ જૈન ધર્મનો ઉપદેશ આપ્યો છે તેઓ મનુષ્ય જાતિને લાભને બદલે ગેરલાભ કરનારા થઇ પડયા છે. ધર્મની ઇમારત હંમેશાં તત્વજ્ઞાનના પાયાપર જ ચણાય છે, માટે ધર્મ સંબંધી ઉપદેશ આપનારના મગજમાં તત્વજ્ઞાનનું છુપું રહસ્ય હોવુ જરૂરનું છે. 'શ્રાવિકા ધર્મ' નામનું આ ન્હાનું પુસ્તક જૈન તત્વજ્ઞાનના મૂળ સિદ્ધાન્તો લક્ષમાં રાખીને લખાયલું છે. શ્વેતાંબર તેમજ દિગમ્બર પત્રકારોએ આ પુસ્તકને શ્રાવિકા વર્ગ માટે અદ્યાપિ પર્યંત પ્રકટ થયેલાં સઘળાં ન્હાનાં મ્હોટાં પુસ્તકોમાં શ્રેષ્ઠ હોવાનું જાહેર કર્યું છે, એજ એની સફલતા પુરવાર કરે છે.

દશમી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કૉન્ફરન્સ પ્રસંગે થયેલી જૈન મહિલા કૉન્ફરન્સનાં પ્રેસીડન્ટ મહાશયાએ પોતા તરફથી આ પુસ્તકની લ્હાણી તે કૉન્ફરન્સમાં કરી હતી, અને સ્થાનકવાસી જૈનોએ ઘણીએક શ્રાવિકાશાળાઓમાં લ્હાણી કરી હતી, તેમજ એક દિગમ્બર વિદ્વાન આ પુસ્તકનું હિંદી ભાષાંતર પોતા તરફના લાંબા વિવેચન સાથે બહાર પાડવાની તૈયારીમાં છે. આ સર્વ હકીકતો પુસ્તકની સર્વમાન્ય ઉપયોગીતા પુરવાર કરે છે. પુસ્તક ટુંકાં ટુંકાં અને ગણ્યાગાંઠયાં વાકયોમાં, એક આદર્શ શ્રાવિકાનું સ્વરૂપ બતાવવાના આશયથી લખાયું છે, કે જે આદર્શ આ નવયુગને સંપૂર્ણ રીતે અનુકુળ છે.

જૈન ધર્મમાં જન્મ પામેલી બાલા, વધુ અને માતાને આ ન્હાનું પુસ્તક એક વાર વાંચી સમજાવવા દરેક સ્વદેશપ્રેમી જૈન બંધુને મ્હારી ખાસ ભલામણ છે.

શ્રાવિકા ધર્મ

'શ્રાવિકા' એટલે શ્રી મહાવીર દેવે બતાવેલો ધર્મ સાંભળે, શિખે અને પાળે તે સ્ત્રી.

શ્રી મહાવીર દેવનો ધર્મ એટલે આત્માનું ઢંકાયલું બળ પ્રગટાવનારો માર્ગ.

શ્રી મહાવીર દેવનો ધર્મ એટલે જગતનું ભલું કરનારો માર્ગ.

શ્રી મહાવીરના ધર્મનો પાયો દયા છે.

ધર્મ એટલે ખાડમાં પડતાં બચાવે તે.

અજ્ઞાન, વહેમ અને કલેષના ખાડામાં પાડે તે અધર્મ.

પક્ષપાત વગરનો ધર્મ તે મહાવીરનો ધર્મ અથવા જૈન ધર્મ.

૨

શ્રી મહાવીરના ધર્મમાં ક્રોધ હોય નહિ.

શ્રી મહાવીરના ધર્મમાં ખેંચતાણ હોય નહિ.

શ્રી મહાવીરના ધર્મમાં કાયરતા હોય નહિ.

શ્રી મહાવીરના ધર્મમાં સુખશીળીઆપણું હોય નહિ.
શ્રી મહાવીરના ધર્મમાં વહેમીપણું હોય નહિ.
શ્રી મહાવીરના ધર્મમાં વેવલાપણું હોય નહિ.
શ્રી મહાવીરના ધર્મમાં મન-વચનની કઠોરતા ન્હોય.
શ્રી મહાવીરના ધર્મમાં માયા-કપટ હોય નહિ.
શ્રી મહાવીરના ધર્મમાં નિરૂત્સાહ હોય નહિ.
શ્રી મહાવીરના ધર્મને સાંકડું મન પાલવે નહિ.
શ્રી મહાવીરના ધર્મને સ્વાર્થિપણા સાથે બને નહિ.
શ્રી મહાવીરનો ધર્મ તુચ્છ અહંકારથી દૂર રહે છે.
શ્રી મહાવીરનો ધર્મ ખટપટનો ખપ કરે નહિ.

૩

અહિંસા, સંયમ અને તપ એ ત્રણ છે ત્યાં **ધર્મ** છે.
મનથી, વચનથી કે શરીરથી કોઇ જીવને દુઃખ
ન કરવું તે **અહિંસા.**
લાલસાઓને કબજે રાખવી તે **સંયમ.**
કર્મને બાળવાનો ઉદ્યમ તે **તપ.**

૪

માયાકપટથી બોલવું તે હિંસા છે.

કોઇને દગો દેવો તે હિંસા છે.

ચાડીચુગલી ખાવી તે હિંસા છે.

કોઇનું બુરૂં ઇચ્છવું તે હિંસા છે.

દુઃખ દેખી મનમાં ઇર્ષા કરવું તે હિંસા છે.

સુખ દેખી ગાંડાઘેલા થવું તે હિંસા છે.

જૂઠું બોલવું તે હિંસા છે.

સાચી વાત ખોટા ઇરાદાથી છૂપાવવી તે હિંસા છે.

કુથલી કરવી તે હિંસા છે.

ગાળો અને ફટાણાં હિંસા છે.

ગામગપાટા અને નકામી વાતો કરવી તે હિંસા છે.

અન્યાય થતો જોઈ રાજી થવું તે હિંસા છે.

છતી શક્તિએ અન્યાય અટકાવવા મુદ્દલ મહેનત ન કરવી તે હિંસા છે.

દુનીયાની જંજાળમાં રચ્યાપચ્યા રહેવું એ આત્મહિંસા છે.

જીભ વગેરે ઇન્દ્રિયોને આધીન થવું એ આત્મહિંસા છે.

પરમાર્થને ભૂલવો એ આત્મહિંસા છે.

પ્રમાદ એ હિંસા છે.
હિંસા સઘળા દુઃખની જનેતા છે.

૫

દુનિયાના સઘળા પદાર્થો નાશવંત છે.
આત્મા કદી નાશ પામતો નથી.
જડથી અનંતગુણી શક્તિ આત્મામાં છે.
જડ અને આત્માનો તફાવત સમજે તે 'જૈન.'
જડનો નચાવ્યો નાચે નહિ તે 'જૈન'.
જડ પદાર્થ ભોગવવા પડે પણ તેને **આધીન** ન રહે તે 'જૈન.'

શરીર અને મન ઉપર કબજો રાખે તે 'જૈન'
જે રાજાનું લશ્કર કબજે ન રહે તે રાજા મરે;
જે માણસની ઇચ્છાઓ કબજે ન રહે તે મરે.
મન અને મનની ઇચ્છાઓ જડ છે.
ઇચ્છાઓ કરતાં આત્માનું બળ અનંતગણું છે.

૬

બાબસાઓને બાળવાનો અગ્નિ તેનું નામ 'તપ.'

પૂર્વ કર્મને બાળનારો અગ્નિ તે તપ.

ઉપવાસ, એકટાણું વગેરે તપ છે.

અભ્યાસ કરવો, જ્ઞાન મેળવવું એ **ઉંચો તપ છે.**

ધ્યાન ધરવું એ **સૌથી ઉંચો તપ છે.**

ઉપવાસ, શક્તિ મુજબ કરવા.

ધાવણા બાળકની માતાએ ઉપવાસ કરવા નહિ.

અજીર્ણના દરદીએ ઉપવાસ જરૂર કરવો.

ઉપવાસથી શરીરનો કચરો બળી જાય છે.

ઉપવાસ ન બને તેણે એકટાણાં કરવાં.

ઉપવાસમાં ક્રોધ ન કરવો.

ઉપવાસમાં બ્રહ્મચર્ય અવશ્ય પાળવું.

ઉપવાસમાં આત્માનો વિચાર કરવો.

ઉપવાસ દેખાદેખી કરવામાં ડહાપણ નથી.

ગર્ભવતીએ ઉપવાસ કરવા નહિ.

ઉપવાસમાં ગામબહારની ખુલ્લી હવા જરૂર લેવી.

મનની શાન્તિને હરકત થાય એટલા ઉપવાસ કરવા નહિ.

ઉપવાસ વગેરે કોઇ ધર્મક્રિયાનો ગર્વ કરવો નહિ.

ઉપવાસ વખતે એકાન્તમાં રહી ધર્મ અને આત્માનો વિચાર થાય તો કલ્યાણ થાય.

ઉપવાસના પારણે હલકામાં હલકો અને થોડો આહાર લેવો.

ઉપવાસ પહેલાં ભારે અહાર લેવો નહિ.

ઉપવાસનું ફળ વેચવું નહિ.

ઉપવાસ કરતાં વધારે ફળ આપનારો તપ **અભ્યાસ** છે.

ધર્મજ્ઞાનનો અભ્યાસ કર્મોને બાળે છે.

અભ્યાસનું મૂળ **વિનય** છે.

અભ્યાસને આળસ સાથે બનતું નથી.

અભ્યાસ હરકોઇ ઉમ્મરે થઇ શકે.

અભ્યાસ કરતાં શરમાય તે 'જૈન' નહિ.

અભ્યાસ કરીને વિચારશક્તિ ખીલવવી.

દરેક બાબત પર પોતાની બુદ્ધિ વાપરતાં શિખવું.

અભ્યાસ કરતાં શંકાઓ કરવી અને ખુલાસા મેળવવા.

શંકા પૂછતાં ડરે તે મૂર્ખ.

કોઇ પણ સારા કામમાં ડરે તે 'જૈન' નહિ.

વાંચીને વિચારવું અને પોતાની બુદ્ધિ ફેરવવી.

૭

થોડું બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે.
વિચારીને બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે.
જ્ઞાન વધારવું એ મોટો તપ છે.
પરોપકાર કરવો એ મોટો તપ છે.
ધ્યાન ધરવું એ **સૌથી મોટો** તપ છે.

૮

મનથી કોઇનું ભલું ઇચ્છવું એ પરોપકાર છે.
વાણીથી કોઇને સુખ ઉપજાવવું એ પરોપકાર છે.
પૈસાથી કોઇનું દુઃખ કાપવું એ પરોપકાર છે.
જાતથી કોઇને મદદ કરવી એ પરોપકાર છે.
ભૂખ્યા–તરસ્યાને સંતોષવા એ પરોપકાર છે.
રસ્તો ચૂકેલાને માર્ગ બતાવવો એ પરોપકાર છે.
અજ્ઞાનીને જ્ઞાન આપવું-અપાવવું એ પરોપકાર છે.
જ્ઞાનનાં સાધન ઊભાં કરવાં એ પરોપકાર છે.
લોકહિતના ખાતાને મદદ કરવી એ પરોપકાર છે.

૯

વગર પૈસે પણ પરોપકાર થઇ શકે.
પૈસાનો અને કાયાનો મોહ પરોપકાર થવા દેતો નથી.
પરોપકાર વગરનું જીવતર નકામું.
પરોપકાર વગરનો દહાડો ફોગટ.
પરોપકાર નહિ ત્યાં ધર્મ નહિ.
પરોપકારનું મૂળ કોમળ કાળજું.
પરોપકાર માટે પૈસાદાર થવાની વાટ જુએ તે મૂર્ખ.
પરોપકાર કાલ કરતા હો તો આજે કરો.

૧૦

આ જીંદગી,પહેલાની હજાર જીંદગીનું દેવું વાળવા માટે છે
આ જીંદગી સ્વપ્ન નથી, પણ સાચી છે.
આ જીંદગી ઘણા પુણ્યથી મળી છે, એને એળે ગુમાવો નહિ.
આ જીંદગી ભોગવવાની કળા જાણે તે જ્ઞાની.
આ જીંદગીની ખૂબી સમજે તે સ્વર્ગ પામે.
આ જીંદગીની ખૂબી ન સમજે તે નરક પામે.

આ જીંદગી મોજશોખ માટે મળી નથી.
આ જીંદગીમાં બુદ્ધિ અને હૃદયને કેળવે તે દેવ.
આ જીંદગીમાં ઇચ્છાઓને તાબે થાય તે નારકી.
ખાવાપીવા માટે જીંદગી નથી, પણ જીંદગી માટે ખાવું-પીવું છે.
પૈસા માટે જીંદગી નથી, જીંદગી માટે પૈસો છે.
પૈસાનો મોહ જેમ વધારે, તેમ નરક ઢુંકડું.

૧૧

ધ્યાન ધરવું-એક ચિત્તે વિચારવું એ મોટો તપ છે.
હું કોણ છું, ક્યાં છું, ક્યાં જઇશ, એ વિચારો.
આત્માના ગુણ વિચારો, આત્માની શક્તિ વિચારો.
જગતની અસ્થીરતા વિચારો.
પરમાત્માના ગુણ-શક્તિ વિચારો.
પરમાત્મા અને આત્માની સરખામણી વિચારો.
દુનિયા જીવોથી ઠાંસીને ભરી છે એનો વિચાર કરો.
એટલા બધામાં હું કોણ માત્ર છું એવો વિચાર કરો.
બધા જીવ મારા જેવા છે એવો વિચાર કરો.

બધા જીવોનું કલ્યાણ થાઓ એમ વિચારો.
કોઇ જીવથી મારે વેર નથી એમ વિચારો.
કોઇ જીવને મારાથી ઇજા થઇ હોય તો દીલગીર છું.
મહાત્મા અને સાધુપુરૂષોના ગુણ વિચારો;
એવા કયારે થઇશું એમ વિચારો.
આજના દિવસમાં **મનથી** કયા દોષ થયા તે વિચારો;
આજના દિવસમાં **વચનથી** કયા દોષ થયા તે વિચારો;
આજના દિવસમાં **કાયાથી** કયા દોષ થાય તે વિચારો.
થયેલા દોષનો **પસ્તાવો** મનમાં જ કરો.
ફરી એવા દોષ ન થાય એવો **સંકલ્પ** કરો.
દોષ કરાવનાર **કારણોને** શોધી કાઢો:
એવાં કારણોથી દૂર રહેવાનો સંકલ્પ કરો.
મુદ્દલ દોષ નથી કરતા એવા મહાત્માને મનથી વંદન કરો.
એ મહાત્મામાં કેટલોબધો **વિવેક** ગુણ હશે તે વિચારો.
વિવેક એટલે સારા-ખોટાનો વિચાર કરવાની શક્તિ;
વિવેક એટલે હિત-અહિતનો વિચાર કરવાની શક્તિ.
વિવેક હોય ત્યાં પ્રમાદ ન હોય.

વિવેક હોય ત્યાં લોભ ન હોય.
વિવેક હોય ત્યાં સ્વાર્થીપણું ન હોય.
વિવેક હોય ત્યાં અજ્ઞાનીપણું ન હોય.
વિવેક હોય ત્યાં બાધા-આખડી ને દેવ-દેવલાની માનતા ન હોય.
વિવેક હોય ત્યાં પોતાના આત્મામાં સંપૂર્ણ **શ્રદ્ધા** હોય.
વિવેક હોય ત્યાં પોતાના આત્મામાં **સંતોષ** હોય.
વિવેક હોય ત્યાં પોતાના આત્માના **અનંત બળની હિંમત** હોય.

૧૨

ગુણીજનને જોઇ ખુશી થવું.
ગુણીજનનાં વખાણ કરવાં.
ગુણીજનને યથાશક્તિ જરૂરીઆતો પૂરી પાડવી.
ગુણીજનને નમન કરવું;
પણ ગુલામી કોઇની ન કરવી.
બીજા મહાપુરૂષ અને હું ગુલામ એમ કદિ ન માનવું.
પોતાને નીચ માને તે કદિ ઉંચી દશા પામી શકે નહિ.

બહારના ત્યાગથી ભોળવાઇ જવું નહિ,
બહારના સદ્દગુણુથી અંજાઇ જવું નહિ;
હૃદયના ભાવ બરાબર તપાસવા.

તરવાનું છે તે ગુરૂથી નહિ પણ આત્માના બળથી છે;
માટે ગુરૂની ભક્તિ કરવી, પણ **ગુરૂઘેલા ન થવું.**

પોતાના આત્મા કરતાં વધારે મોટા મિત્ર કોઇ નથી.
પોતાના આત્મા કરતાં વધારે મોટા ગુરૂ કોઈ નથી.
કોઇ માણુસને પોતાના **આત્માથી** અધિક ન ગણો.

પોતાનો આત્મા સિદ્ધના આત્મા જેવો જ છે.
આ આત્મા એક દિવસ સિદ્ધ થવાનો છે.
પોતાના આત્મા માટે ઉંચું માન ન રાખે તે **જૈન** નહિ.
જેને તેને પ્રસન્ન કરવા ભમે તે '**જૈન**' નહિ.

પોતાની બુદ્ધિપર વિશ્વાસ ન રાખી શકે તે માણુસ નહિ.
જેની તેની સલાહ પૂછતા ફરે તે આગળ વધી શકે નહિ.
સાંભળવું બધાને, કરવું પોતાની બુદ્ધિને પૂછીને.
જેવી સલાહ પોતાનો આત્મા આપે એવી કોઇ ન
આપી શકે.

આત્મામાં વિશ્વાસ રાખો, એ કદી ઠગશે નહિ.
જેમ આત્મામાં વિશ્વાસ વધારે, તેમ લાભ વધારે.

૧૩

સુખનું મૂળ ધમ, ધર્મનું મૂળ દયા;
દયાનું મૂળ વિવેક અથવા જયણા.
જયણાથી ચાલો, જયણાથી બોલો.
જયણાથી રાંધો, જયણાથી જમો.
જયણા વગરનું કામ, ગુણ વગરના રામ.

૧૪

પહેરવા-ઓઢવામાં મરજાદા રાખો.
ચાલવા-બોલવામાં મરજાદા રાખો.
સૂવા-બેસવામાં મરજાદા રાખો.
નાના-મોટાની મરજાદા રાખો.

૧૫

સાફસુફ જરૂર રહો, પણ ફાંકડા દેખાવાની ઘેલછા છોડો.
ફાંકડી સ્ત્રી એટલે પારકી વાહવાહ માટે મરતી બીખારણ
ફાંકડી સ્ત્રી એટલે મનની વેશ્યા.

ઢાંકડી સ્ત્રી એટલે આત્મા વગરની પુતળી.

૧૬

પંડને, લૂગડાંને, ઘરને સ્વચ્છ રાખો.

બાળબચ્ચાંને, આંગણાને સ્વચ્છ રાખો.

તમારી ટેવોમાં સ્વચ્છ રહો.

તમારા વિચારોમાં સ્વચ્છ રહો.

તમારી વાણી સ્વચ્છ રાખો.

તમારૂં મન હમેશ સ્વચ્છ દર્પણ જેવું રાખો.

ખોટા વિચાર, સંકલ્પવિકલ્પ અને ચિંતાથી મનનું દર્પણ મેલું કરશો નહિ.

બહાર અને અંતરથી સ્વચ્છ રહો.

જ્યાં મલીનતા છે ત્યાં પ્રભુનાં પગલાં થઇ શકે જ નહિ.

૧૭

સાદાઇ જેવો અમૂલ્ય શણગાર એકકે નથી.

વસ્ત્રમાં સાદાઇ રાખો, ઘરમાં સાદાઇ રાખો.

ભોજન સાદું જમો.

જેટલો વધારે સ્વાદ, તેટલું વધારે જોખમ.

સાદા ભોજનથી જેટલી પુષ્ટિ મળે તેટલી 'માત્રા'થી પણ ન મળે.

ટેવોમાં સાદાઇ રાખો, બોલીમાં સાદાઇ રાખો.

ઉડાઉ માણસ એટલે આપઘાત કરનાર માણસ.

ઉડાઉ થવાનો હક્ક રાજાને પણ નથી.

થોડામાં ગુજારો કરો, થોડું બચાવો, થોડું પરોપકારમાં વાપરો.

૧૮

એક હાથે દેવાનું છે, બીજે હાથે લેવાનું છે.

દીધેલું દશગણા વ્યાજ સાથે પાછું મળે છે.

બદલાની આશાએ પરોપકાર કરે તે મૂર્ખ.

પરોપકાર ને દાન માત્ર પ્રેમભાવથી જ કરવાં.

૧૯

પરોપકાર કરવાથી માન મળે.

માન આપ્યે માન મળે.

સંપીને ચાલવાથી માન મળે.

પ્રમાણિકપણાથી માન મળે.

નમ્ર સ્વભાવે માન મળે.
ટેક સાચવ્યે માન મળે.
બુદ્ધિબળથી માન મળે.
માન માગનારથી માન વેગળું.

૨૦

બુદ્ધિ વધારે ને નીતિ સુધારે તે વિદ્યા.
વિદ્યા જન્મ-મરણના ફેરા ટાળનાર ગુરૂ છે.
વિદ્યા કલ્પવૃક્ષ છે.
વિદ્યા સાચો મિત્ર છે.
વિદ્યા પરમ દૈવત છે.
વિદ્યા સુખની જનેતા છે.
વિદ્યા અજ્ઞાન અને વહેમની શત્રુ છે.
વિદ્યા કૂળનો મહિમા વધારનારી છે.
વિદ્યા જેવો રક્ષક બીજો કોઇ નથી.
વિદ્યા પ્રેમ વધારનારી છે.
વિદ્યા પ્રેમને નિર્મળ રાખનારી છે.
વિદ્યા મોક્ષને આપનારી છે.

વિદ્યા આનંદનું સાધન છે.
વિદ્યા દુઃખીનો સાથી છે.
વિદ્યા મુસાફરનો વોળાવો છે.
વિદ્યા આંખ છે.
ચોપડીમાંથી, ગુરૂ પાસેથી તેમ અવલોકનથી પણ
વિદ્યા મળે.

૨૧

દુનિયામાં હજારો ભૂલભૂલામણી છે.
ભૂલભૂલામણીથી બચવા માટે મિત્રની જરૂર છે.
સ્ત્રીનો સારામાં સારો મિત્ર, પતિ.
પતિ અને પત્ની એક ગાડાનાં બે પૈડાં છે.
જે ગાડાનું એક પૈડું નબળું તે ગાડું ચાલી શકે નહિ.
પતિનું ઘર સારી રીતે ચલાવે તે પત્ની.
ઘર ચલાવવાની વિદ્યા શિખવા પહેલાં પરણે તે મૂર્ખ.
પરણવાની ઉતાવળ કરે તે 'જૈન' નહિ.
લાયકાત વગરનાં પતિ-પત્ની દુનિયાને ભારરૂપ છે.
પોતાનું હિત સમજે નહિ તે 'શ્રાવિકા' નહિ.

માબાપ જલદી પરણાવે તો કરગરીને સમજાવવાં.
બુદ્ધિ અને પૈસા વગર વેપાર કરે તે મૂર્ખ;
બુદ્ધિ અને શરીર ખીલ્યા પહેલાં પરણે તે મૂર્ખ.

૨૨

પતિ એટલે જીંદગીભરનો સાથી.
જીંદગીભરનો દસ્તાવેજ વગરવિચાર્યે કરે તે મૂર્ખ;
દુર્ગુણી, રોગી, કાયર એવા પુરૂષને જાણીને પરણે તે મૂર્ખ.

પુરૂષના ગુણની તપાસ કર્યા વગર પરણે તે આત્મઘાતી.
વાજબી તપાસમાં શરમ રાખે તે આત્મઘાતી.

જીંદગીભર નભાવવાના કામમાં શરમાય તે જરૂર કરમાય.

રૂપથી મોહે તે ગમાર.
વૈભવથી મોહે તે પામર.

કુળની મોટાઇથી અંજાય તે અંધ.
ગુણ પીછાની શકે તે 'જૈન'.
પતિ ગુણી મળે તો જ શ્રાવિકા ધર્મ ઠીક પાળી શકાય.

૨૩

પત્ની એટલે પતિની સહચારિણી.

પતિની જીંદગી સુખી કરે તે પત્ની.

પતિની જીંદગી ઉચ્ચ બનાવે તે પત્ની.

પતિને મદદગાર થાય તે પત્ની.

પતિનો સારામાં સારો મિત્ર તે પત્ની.

પતિના ઝુંપડાને મહેલ બનાવે તે પત્ની.

પતિનાં સુખ-દુઃખ અને વિચારોમાં ભાગ લે તે પત્ની.

પતિના દોષ નમ્રતાથી સુધારે તે પત્ની.

પતિને આગળ વધવામાં સહાય કરે તે પત્ની.

પતિની ટેક જાળવાવે તે પત્ની.

પતિને કંટાળવા ન દે તે પત્ની.

પતિને ઘરની ઉપાધિથી બચાવે તે પત્ની.

૨૪

અલંકાર અને ઠાઠમાઠ ઇચ્છે તે **દાસી.**

શરીરના ભોગ ઇચ્છે તે **વેશ્યા.**

પતિનું સુખ ઇચ્છે તે **પત્ની.**

પતિની ઉન્નતિ માટે આત્મભોગ આપે તે **દેવી.**

૨૫

શ્રાવિકાએ સવારમાં વહેલા ઉઠવું.

શ્રાવિકાએ બાળબચ્ચાંને ભણાવવાં.

શ્રાવિકાએ કુટુંબવત્સલતા રાખવી.

શ્રાવિકાએ પડોસીને મદદ કરવા.

શ્રાવિકાએ અતિથિનો સત્કાર કરવો.

શ્રાવિકાએ ઘરનો હિસાબ રાખવો.

શ્રાવિકાએ દુઃખી માટે દરવાજા ખુલ્લા રાખવા.

શ્રાવિકાએ સાસુ-સસરાનું સન્માન કરવું.

શ્રાવિકાએ રોજ કાંઇકાંઇ નવું શિખવું.

શ્રાવિકાએ શરીરને મહેનત પડે એવું કામ રોજ કરવું.

શ્રાવિકાએ સાફસુફ રાખવી.

શ્રાવિકાએ કામકાજનો નિયમ રાખવો.

શ્રાવિકાએ ઘડી પણ નવરા બેસવું નહિ.

શ્રાવિકાએ સંતોષી બનવું.

શ્રાવિકાએ સમય વર્ત્તીને ચાલવું.

શ્રાવિકાએ ગંભીર બનવું.

શ્રાવિકાએ મશ્કરી-ઠઠ્ઠાથી દૂર રહેવું.

શ્રાવિકાએ હિંમતવાન બનવું.

શ્રાવિકાએ દુષ્ટજનોથી ચેતતા રહેવું.

૨૬

શ્રાવિકાએ કોઇ કોઇ વખત 'કુટુંબ જાગરણ' કરવું.

કુટુંબજાગરણ એટલે કુટુંબનાં માણસોનાં સુખ-દુઃખનો વિચાર.

કુટુંબજાગરણ એટલે કુટુંબ સુધરે છે કે બગડે છે તેનો વિચાર.

કુટુંબજાગરણ એટલે કુટુંબના દરેક માણસની જરૂરી બાબતોનો વિચાર.

કુટુંબજાગરણ એટલે કુટુંબને સુધારવાના રસ્તાનો વિચાર.

શ્રાવિકાએ વખતોવખત **ધર્મ**જાગરણ કરવું.

ધર્મજાગરણ એટલે ધર્મ સંબંધી વિચાર.

ધર્મજાગરણ એટલે આત્મા સંબંધી વિચાર.

ધર્મજાગરણ એટલે પોતાનાં કામો અને વિચારોની તપાસ.

૨૭

ડાહી સ્રી કરકસરમાં હોંશીઆર.

ડાહી સ્રી હમેશ મિતાહારી.

ડાહી સ્રી હમેશ મિતભાષી—થોડું બોલનારી.

ડાહી સ્રીનું હસવું હમેશ સ્મીત (આછું) હોય.

ડાહી સ્રીની ટેવો મર્યાદાવાળી.

ડાહી સ્રી હમેશ ઉદ્યમી.

ડાહી સ્રી કોઇની ખોટી આજ્ઞા ન પાળે.

ડાહી સ્રી માણસ જોઇને વર્ત્તે.

ડાહી સ્રી ગરીબાઇથી શરમાય નહિ.

ડાહી સ્રી શ્રીમંતાઇથી છલકાય નહિ.

ડાહી સ્રી પોતાની સ્થિતિ છુપાવે નહિ.

ડાહી સ્રી દરેક સ્થિતિમાં મોટું મન રાખે.

ડાહી સ્રીનો બોલ હમેશ મીઠો નીકળે.

ડાહી સ્રીને **શરીરનાં** સુખ કરતાં **મનનાં** સુખ વધારે વ્હાલાં.

૨૮

આહાર, નિદ્રા, ભય અને કામવાસના વધાર્યા વધે.
આહાર વધારે તે બીમાર થાય.
નિદ્રા વધારે તેની બુદ્ધિ જાય.
ભય વધારે તેનું બળ જાય.
કામવાસના વધારે તેની માણસાઇ જાય.

૨૯

સોબત પોતાથી વધારે ગુણવાનની કરવી
સોબત બરાબર ન મળે તો એકલાં રહેવું.
ઝાઝાથી વેર ન કરવું, ઝાઝાથી દોસ્તી ન કરવી.
પ્રેમ ત્યાં પડદો નહિ, પડદો ત્યાં નહિ પ્રેમ.
માણસ પરના પ્રેમ પરથી પરમાત્મા પરનો પ્રેમ શિખો.

૩૦

દુનિયા અનુભવશાળા છે; ઘર નિશાળ છે;
સારા-માઠા પ્રસંગો આપણા શિક્ષક છે.
સંજોગો આપણે જ એક દિવસ ઉત્પન્ન કર્યા હતા.

સંજોગો આપણા માલીક નથી, આપણે તેના નિ-
યંતા છીએ.

આત્માનો સ્વામી કોઇ નથી-પતિ પણ નહિ.

દેવલોક કે મોક્ષ જોઇએ તો અહીં જ દેવ બનો.

ઉચ્ચ જીવન એ પરમ ધર્મ છે.

કરવાલાયક કોઇ કામ હલકું જણાય તો પણ પવિત્ર
માનો.

દુઃખથી હાયવોય ન કરે તે પાછલાં કર્મો બાળે.

આત્મા અમર, જ્ઞાનરૂપ, આનંદરૂપ છે;

માટે અમર, જ્ઞાની તરીકે **મન સદા આનંદમાં રાખો.**

☞ આ પુસ્તકના દરેક વચન પર વિસ્તારથી વિવેચન
કરી સ્ત્રીઓને જ્ઞાન આપનારને મહદ્ પુણ્ય થશે.

Printed at Shri 'Satya Prakash' Printing
Press, Khadia—Ahmedabad, by
Dahyabhai Shakrabhai Gandhi.

કવર, આનંદ સાગર પ્રેસ, સરાફ બજાર, મુંબઈમાં છાપ્યું.